





# અરવલ્લી-સાબરકાંઠાના ૧૦૦૦થી વધુ જંતુનાશક દવાના વેપારીઓનો સજ્જડ બંધ

કેન્દ્ર સરકારે જંતુનાસક દવાના સુધારા નિયમો-૨૦૧૫માં જંતુનાસક દવા તથા ફર્ટિલાઈઝરના લાયસન્સ માટેના કાયદામાં બી.એસ.સી. એગ્રીકલ્ચર જેવી સ્નાતક ડિગ્રી ફરજીયાત કરવાના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી એક દિવસીય હડતાળના પગલે અરવલ્લી-સાબરકાંઠાના ૧૦૦૦થી વધુજંતુનાસક દવા-ફર્ટિલાઈજરના વિક્રેતાઓ પણ જોડાઈ સજ્જડ બંધ પાળ્યો હતો. અરવલ્લી જિલ્લાના વેપારીઓએ એડી. કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા સીડ્સ એન્ડ પેસ્ટીસાઈજ એશોસીએશન દ્વારા વર્તમાન કેન્દ્ર સરકારે જંતુનાશક દવા ફર્ટીના વિક્રેતાઓ માટે કાયદામાં નવી જોગવાઈ કરી બીએસસી એગ્રો જેવી સ્નાતક ડીગ્રી ફરજીયાત લાગુ કરી જુના લાયસન્સ ધારકોને પણ બે વર્ષમાં ડીગ્રીધારક રાખવાનું ફરજીયાત પણે કાયદામાં જોગવાઈ કરાતા નેશનલ સીડ્સ એસોસીએશન દ્વારાતા. ૯-૨-૨૦૧૬ને મંગળવારે ઓલ ઈન્ડીયા પેસ્ટીસાઈડ્સ સીડ્સ, ફર્ટીલાઈઝર હોલસેલ, રીટેલર, ડીલર્સ, ડીસ્ટ્રીબ્યુટર્સ પોતાની દુકાન-ધંધો બંધ રાખવા અપાયેલા એલાનને પગલે અરવલ્લી જિલ્લા અને સાબરકાંઠા જિલ્લાના ૧૦૦૦થી વધુ જંતુનાશક દવા-ફર્ટિલાઈઝર વિક્રેતાઓએ આ કાયદાથી ૧૦૦૦ બન્ને જિલ્લાના ડીલરો અને તેમના પર આશ્રિત પરિવારો ઉપર ધંધાનું અને જીવનનિર્વાહ ચલાવવા સંકટ પેદા થતા સજ્જડ બંધ પાળી હડતાલમાં જોડાયા હતા.

## કાંકરેજ તાલુકા પંચાયતની પાંચ જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેતા અરજદારોને હાલાકી

શિહોરી, તા. ૯

કાંકરેજ તાલુકા પંચાયત છેલ્લા કેટલાય સમયથી તાલુકા વિકાસ અધિકારીની મુખ્ય જગ્યા ખાલી છે. જેથી કરીને લોકોને ચાર્જ વાળા ટી.ડી.ઓ.થી હેરાન થવાનો વારો આવ્યો છે. અને સમગ્ર કામગીરી થપ્પ થવા પામી છે. અને સમગ્ર કામગીરી ટલ્લે ચડવા પામી છે. ગરીબ લાભાર્થીઓના સરદાર આવાસ, ઈન્દીરા આવાસ, સૌચાલયના ચેકો તેમજ કોન્ટ્રાક્ટરોના બીલો અટવાયેલા પડ્યા છે. જેમાં ટીડીઓની જગ્યા છેલ્લા ૬ મહીનાથી અધ્ધરતાલ ચાર્જમાં છે. જે લોકો માટે મુશ્કેલી ઉભી થવા પામી છે. મુખ્ય ખાલી પડેલી જગ્યાઓ તાલુકા વિકાસ અધિકારી-૬ માસથી ખાલી, ૨ હીસાબી શાખા-સી. ક્લાર્ક ૩ વર્ષથી ખાલી, ૩ શિક્ષણ શાખા- જુ. ક્લાર્ક ખાલી, ૪ આઈ.આર.ડી. સી. ક્લાર્ક, ૫ વિસ્તરણ અધિકારી પંચાયત બદલી થતાં અઠવાડીયાથી ખાલી છે. જેથી કરી કાંકરેજની પ્રજાના બેહાલ થવા પામ્યા છે. છતાં તંત્ર દ્વારા કયા કારણોથી આ જગ્યાઓ ભરવામાં આવતી નથી. જે કાંકરેજની પ્રજામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. શું કાંકરેજ તાલુકાનું રાજકારણ આના પાછળ જવાબદાર હશે કે પછી તંત્ર આંખ આડા કામ કરી આ જગ્યાઓ ભરવા માટે ગલ્લા તલ્લા કરે છે. આના માટે જવાબદાર કોણ ? આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી રસ દાખલી કાંકરેજ તાલુકા પંચાયતમાં કાયમી ટી.ડી.ઓ. અને ખાલી પડેલ જગ્યાઓ તાત્કાલિક ભરાવે તેવી લોક લાગણી સાથે કાંકરેજની પ્રજાની ઉગ્ર માંગ થઈ રહી છે. શુ જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા જિલ્લાના પદાધિકારીઓ આ બાબતે રસ દાખવશે ખરા.



વર્તમાન મુખ્યમંત્રી અને તત્કાલીન મહેસુલમંત્રી આનંદીબેન પટેલે ભ્રષ્ટાચાર આચરી અને સરકારી તિજોરીને નુકશાન પહોંચાડી પાણીના ભાવે ખાનગી કંપનીને જમીન ફાળવી તેને મંજુરી આપી હતી. જે કંપનીમાં તેમની પુત્રી અતાર પટેલની સંડોવણી હોવાની વાત પ્રકાશમાં આવી હતી જે બાબતે અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા કલેકટર એસ.છાકછુઆકને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જિલ્લા કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યા હતા.

## મહેસાણામાં ભીક્ષાવૃત્તિ કરતા ભીક્ષુકની અનોખી સેવાકીય પ્રવૃત્તિ

મહેસાણા, તા. ૯

મહેસાણા ખાતે હાઈવે પર આવેલ સિમંધર સ્વામી જૈન દહેરાસર પાસે છેલ્લા કેટલાક વર્ષોથી ભીક્ષાવૃત્તિ કરતા અપંગ એવા ગોદડીયા બાપુ તરીકે ઓળખાતા વ્યક્તિ ભીક્ષામાં મળેલ રકમ શાળાની વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ઉપયોગ માટે વાપરીને એક ઉમદા સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે.

ગોદડીયા બાપુ છેલ્લા ઘણા વર્ષોથી સિમંધર સ્વામી જૈન મંદિર નજીક ઉભા રહીને ભીક્ષા માંગે છે. તેમને ભીક્ષાવૃત્તિમાં જે રોકડ રકમ મળે છે તે તેઓ એકત્ર કરીને શહેરની શાળાઓમાં અભ્યાસ કરતી છાત્રાઓ યાને વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક ઉત્કર્ષ માટે દાન તરીકે વાપરે છે. તાજેતરમાં તેમણે બાળાઓને સોનાની કડીઓનું દાન કરતાં બાળાઓમાં ખુશીની લાગણી ફેલાઈ છે. શહેરના મગપરા વિસ્તારમાં આવેલ નંદઘરની દસ કન્યાઓને આ ભીક્ષુકે સોનાની દસ બુટ્ટીઓ અર્પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગોદડીયા બાપુએ અગાઉ પણ જરૂરીયાતમંદોને ધાબળા, શાળાઓમાં ગણવેશ, નોટબુકો વગેરે વિતરણ કરી ચૂક્યા છે. એક અપંગ ભિક્ષુકના આવા ઉમદા કાર્યની મહેસાણા શહેર સહિત જિલ્લામાં પ્રસંશા થઈ રહી છે.

## તલોદમાં બેંકના એટીએમમાંથી ચોરીનો પ્રયાસ થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૯

તલોદ નગરપાલિકા પાસે આવેલ કેનેરા બેંકના એટીએમમાં રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી એટીએમ તોડવાનો પ્રયાસ કર્યો હતો. જે અંગે બેંકના મેનેજરે સોમવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે તલોદ નગરપાલિકાની બાજુમાં તથા પોલીસ સ્ટેશન નજીક આવેલ કેનેરા બેંકના એટીએમ રૂમમાં રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશી સીસીટીવી કેમેરાના કેબલ કાપી નાખ્યા હતા. ત્યારબાદ મશીનમાં તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં સફળતા મળી ન હતી. જો કે અજાણ્યા શખ્સોએ એટીએમ તથા સીસીટીવી કેમેરાને નુકશાન પહોંચાડ્યું હતું. જે અંગે બેંકના મેનેજર પંકજભાઈ રણછોડભાઈ શાહે સોમવારે તલોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

## દિયોદર ખાતે ઠાકોર સમાજનું શિક્ષણ અને વ્યસન મુક્તિ સંમેલન યોજાયું

દિયોદર, તા. ૯

દિયોદર ઠાકોર સમાજના છાત્રાલય ખાતે દિયોદરના ધારાસભ્ય અને બનાસકાંઠા ભાજપ જિલ્લા પ્રમુખના અધ્યક્ષસ્થાને સંમેલન યોજાયું હતું. હજારોની સંખ્યામાં ઠાકોર સમાજ ઉમટી પડ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે નાની બાલીકાઓએ કંકુ તિલક કરી સ્વાગત કરેલ ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું ફૂલહાર અને સાફાથી સ્વાગત કરવામાં આવેલ તેમજ સંત સદારામ કેળવણી મંડળના મંત્રી ભવાનજી ઠાકોરે સૌને શબ્દોથી આવકારેલ અને શિક્ષણ વધે વ્યસનોમાંથી મુક્ત બનો તેવું આહવાન કરેલ. આ પ્રસંગે કેશાજી ચૌહાણે જણાવેલ કે સમગ્ર સમાજે વ્યસન મુક્ત થવુ જોઈએ દારૂ ગુટખા તમાકુ તેવી બદીથી દૂર રહેવુ જોઈએ. દારૂથી થતા નુકશાનથી યુવાધનને બચાવવુ જોઈએ સમાજને વ્યસન મુક્તિ માટે સંકલ્પ કરાવેલ. દારૂના અડ્ડાઓ બંધ નહી કરવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવાની હાંકલ કરી હતી.

આ પ્રસંગે મંત્રી શંકરભાઈ ચૌધરી, કેશાજી ચૌહાણ (ધારાસભ્ય) નંદાજી ઠાકોર (વિકાસ નિગમ ચેરમેન), નાગજીજી ઠાકોર, અગરાજી ઠાકોર, ગુમાનસિંહ ચૌહાણ, ગેનીબેન ઠાકોર, દિનેશભાઈ દવે (જિ. પ્રમુખ), વિજય ચક્રવતી, પરાગભાઈ જોષી, જગદીશભાઈ ઠાકોર (ગાયક કલાકાર), જોગાજી ઠાકોર (ગાયક કલાકાર), ઉત્તમસિંહ વાઘેલા (તા.દિ. પ્રમુખ), વગેરે આગેવાનો હાજર રહ્યા હતા. દારૂબંધી માટે સંકલ્પ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ખેમાજી ઠાકોરે કર્યુ હતું.



અરવલ્લી જીલ્લાના ભિલોડામાં બિયારણ અને જંતુનાશક દવાઓના વેપારીઓ ધ્વારા ભિલોડા મામલતદાર જી.કે.પટેલને આવેદનપત્ર અપાયું હતું. ભિલોડામાં આજે ૧૫૦ થી વધુ વેપારીઓએ દુકાનો બંધ રાખી અને ધંધા-રોજગાર બંધ રાખી વિરોધ પ્રદર્શન કરેલ હતું. ભિલોડા તાલુકા સિડ્સ-પેસ્ટીસાઈઝ એન્ડ ફર્ટીલાઈઝર્સ ડિલર્સ એસોશીએશનના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર ધ્વારા જંતુનાશક દવાઓ, ફર્ટીલાઈઝર્સ વિક્રેતાઓ માટે લાયસન્સ માટેના નવિન કાયદામાં બી.એસ.સી.એગ્રી સ્નાતક ડિગ્રી ફરજીયાત કરવાનો નિયમ અમલ કરેલ છે. જે જુના લાયસન્સ ધારકોને પણ બે વર્ષમાં ઉપલબ્ધ કરાવાનું કાયદામાં ફરજીયાત કરેલ છે. જેના કારણે નાના-નાના દુકાનદારોને મુશ્કેલી સહન કરવાનો વારો આવશે. નવિન કાયદાથી બેરોજગારીનું સંકટ ઉભું થશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં નાના પાયે ધંધો કરતા માંડ-માંડ પેટીયુ રળતા માટે ડિગ્રી ધારક વ્યક્તિ રોકવો એ અશક્ય બાબત છે.

## પાલનપુરના બ્રહ્મસમાજના અગ્રણી મફતલાલ ગોમતીવાળનું માર્ગ અકસ્માતમાં નિધન

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના પાંથાવાડાના વતની અને પાલનપુરમાં અશોકકુમાર મફતલાલ કાપડની પેઢી ધરાવતા બ્રહ્મસમાજના અગ્રણી મફતલાલ ગોમતીવાળને પાલનપુરના ડીસા હાઈવે પર એક બાઈક સવારે પુરપાટ ઝડપે અકસ્માત કરતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેઓને વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમ્યાન તા. ૮ ફેબ્રુઆરીના રોજ મોડી સાંજે દુઃખદ અવસાન થયું હતું. આ દુઃખદ સમાચારથી બનાસકાંઠાના બ્રહ્મસમાજમાં તથા તેમના પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

## મલેકપુર પ્રાથમીક શાળાની ખો-ખોની ટીમ જીલ્લા કક્ષાએ સતત ત્રીજીવાર ચેમ્પીયન



ભિલોડા,તા.૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મલેકપુર પ્રાથમીક શાળાની ખો-ખોની ટીમ અરવલ્લી જીલ્લા કક્ષાએ સતત ત્રીજીવાર ચેમ્પીયન બનતાં આનંદની લાગણી પ્રસરી છે. મલેકપુર પ્રાથમીક શાળા આચાર્ય દિનેશભાઈ પરમાર, કોચ ભાનુમતીબેન ખરાડી, બી. આર. સી. કો. ઓ. કે. એસ. પટેલ, સી. આર. સી. કો. ઓ. બી. ડી. પટેલ, સ્ટાફ પરીવાર, એસ.એમ.સી.ના સભ્યોના જણાવ્યા મુજબ અરવલ્લી જીલ્લા કક્ષાના ખેલમહાકુંભ પી.કે.ફણસે વિદ્યાલય,આકરૂન્દમાં યોજાયો હતો.જેમાં મલેકપુર પ્રાથમીક શાળા બહેનોની ખો-ખોની ટીમ સતત ત્રીજીવાર જીલ્લા કક્ષાએ ચેમ્પીયન બનતાં આનંદની લાગણી પ્રસરી છે.

## મોડાસામાં ચાલતા દેશી દારૂના અડ્ડા ૧૫ દિવસમાં બંધ કરાવવા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા આવેદનપત્ર અપાયું

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં વિસ્તારોમાં ચાલતા દારૂના અડ્ડા ૧૫ દિવસમાં બંધ કરાવા જણાવ્યુ હતુ. ક્ષત્રિય ઠાકોર સેનાના સભ્યો અને જાગૃત આગેવાનોએ ચિમકી ઉચ્ચારી હતી કે જો મોડાસા રૂરલ પોલીસ ૧૫ ઠાકોર સેનાની જવાબદારી રહેશે નહિ.

જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયભાઈના જણાવ્યા અનુસાર થોડાક સમય અગાઉ



દેશીદારૂનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા મોડાસા તાલુકાના હોદ્દેદારોએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સગરને આવેદન પત્ર આપી તાલુકાના ગ્રામ્ય દિવસમાં દારૂના અડ્ડા બંધ કરવામાં નિષ્ફળ રહેશે તો સ્ત્રી-પુરૂષ સભ્યો, મીડીયા, સમાચાર પત્રોને અને પોલીસને લેખીત જાણ કરી જનતા રેડ કરવામાં આવશે તેનાથી ઉભી થતી તમામ પરિસ્થિતિ પર ગુજરાત ક્ષત્રિય ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના આયોજીત વ્યસન મુકિત મહાકુંભ અંતર્ગત ચાલતી ઝુંબેશ અનુસાર વ્યસન મુક્ત ગુજરાત અને સમાજ માટે કાર્યવાહિ હાથ ધરવામાં આવી છે.

## શામળાજી વિશ્વકર્મા મંદિર ખાતે ૧૬મા પાટોત્સવની ઉજવણી થશે

ઈસરી, તા. ૯

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના યાત્રાધામ શામળાજીની તળેટીમાં આવેલ વિશ્વકર્મા પ્રભુના મંદિર ખાતે તા. ૧૩-૨-૨૦૧૬ શનિવારે વસંત પંચમી હોવાથી ૧૬મો પાટોત્સવ પ્રસંગે કથાનું આયોજન કરવામાં આવેલ છે. કથાની પૂજનવિધિ અને શિવજી ભગવાનના અભિષેકની પૂજનવિધિ શણગાલના અમૃતભાઈ ધૂળાભાઈ પંચાલ તથા ભીખાભાઈ કિશોરભાઈ પંચાલના વરદહસ્તે રાખેલ છે.

વળી વિશ્વકર્માદાદાની જન્મ જયંતિ એટલે વિશ્વકર્મા જયંતિ પણ મહાસુદ-૧૩ને શનિવાર ૨૦-૨-૨૦૧૬ને શનિવારે ઉજવણી છે. આ પ્રસંગે વિશ્વકર્માદાદા-ચામુંડા માતાજી હનુમાનદાદાની ધજા-વાધા-આરતી. ફૂલહારની બોલી બોલાવવામાં આવશે. મહાપ્રસાદ બપોરે ૧૩.૦૦ કલાકે આગોળવામાં આવશે. એમ વિશ્વકર્મા જ્ઞાતિ સેવા સંઘ શામળાજી પ્રમુખ મંત્રી અને કારોબારી તરફથી તમામ જ્ઞાતિભાઈઓ બહેનો માટે આમંત્રણ છે. વિશ્વકર્મા જયંતિ તરકવાડા, ઈસરી, ઉન્ડવા, મોડાસા, ભિલોડા, ખેડબ્રહ્મા ખાતે પણ ઉજવવામાં આવે છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ મધ્યસ્થ બેંક લી.ભિલોડા શાખામાં એ.ટી.એમ.મશીનનું ઉદ્દ્ઘાટન ચેરમેન મહેશભાઈ પટેલના વરદ્ હસ્તે કરાયું હતું. ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ મધ્યસ્થ બેંક લી. ભિલોડા શાખાના સ્ટાફ પરીવાર, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ મધ્યસ્થ બેંક લી. ભિલોડા શાખા ધ્વારા એ.ટી.એમ.મશીનનો શુભારંભ કરાતાં ગ્રાહકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## હિંમતનગર આરટીઓ કચેરીમાંથી માલ ભરેલી આખી ટ્રકની ઉઠાંતરી

હિંમતનગર, તા. ૯

હિંમતનગર સ્થિત આરટીઓ કચેરીના કમ્પાઉન્ડમાંથી ઓવરલોડના મામલે ડીટેઈન કરાયેલી અને ટાઈલ્સનો માલ ભરેલી ટ્રકની શુક્રવારની રાત્રી દરમ્યાન ચોરી થઈ જતા આરટીઓના સહાયક મોટરવાહન નિરીક્ષકે અજાણ્યા ઈસમ વિરૂદ્ધ રવિવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરટીઓ કચેરી કમ્પાઉન્ડમાં રૂ. ૨.૮૩ લાખની મત્તાની ટાઈલ્સ ભરેલી ટ્રકની કોઈ ઈસમ દરવાજાનું તાળુ તોડી ચોરી કરી ભાગી છુટતા તંત્રની ઉંઘ ઉડી ગઈ છે. પોલીસે માલ સહિત વાહન મળી કુલ રૂ. ૧૭.૮૩ લાખની માલમત્તાની ચોરીની ઘટના અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.